જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૪/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૭૧ લીટર દેશી દારૂ, ૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૦ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૮૮/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ કેતન રતિલાલ શાહ (ઉ.વ.૫૩) (રહે. આબુ સ્ટ્રીટ રામનગર સાબરમતી) એ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કેતન શાહ નાઓ વસ્ત્રાપુર ગુરુકુળ રોડ શીખર કોમ્પ્લેક્ષ દુકાન નંબર–૧૦૫ ખાતે મોબાઇલનો ધંધો કરતા હોય તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૨૦/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર ગુરુકુળ રોડ શીખર કોમ્પ્લેક્ષ દુકાન નંબર–૧૦૫ ખાતે આરોપી રુતુલ બાબુભાઇ સાધુ (રહે. ગુરુકૃપા સોસાયટી વિરમગામ જી–અમદાવાદ) નાઓએ પોતે પોપ્યુલર વ્હિલર કંપનીમા નોકરી કરતા હોવાની ઓળખ આપી કેતન શાહ સાથે વાત કરી વિશ્વાસ કેળવી કંપનીની જાણ બહાર પોપ્યુલર વ્હિલર કંપનીના નામે કેતન શાહ પાસેથી લેનોવા કંપનીના બે ટેબ્લેટ તથા એપ્પલ આઇપેડ નંગ–૮ મળી કિમત રૂપિયા ૩,૦૭,૪૦૦/– ખરીદી કરી આજદિન સુધી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૪૮૯/૨૦૨૬**

નરોડાઃ ભરતસિંહ જયપાસિંહ રાઠૌર (ઉ.વ.૬૮) (રહે. નંદિગ્રામ સોસાયટી સેક્ટર–૪ સુદામા હોમ્સ પાસે સરદારનગર) એ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૬ કલાક ૦૭/૩૦ વાગ્યાના સુમારે નરોડા ન્યુ શાહીબાગ સુદામા હોમ્સ નજીક આવેલ ખુલ્લા ખેતર આગળ નંબર પ્લેટ વગરની એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ ભરતસિંહ રાઠૌરના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૮૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૯૦/૨૦૨૬**

નવરંગપુરાઃ નવરંગપુરા આશ્રમ રોડ મહેકમ વિભાગ રાજ્યકર ભવન ખાતે નોકરી કરતા રૂદ્ર સ/ઓ મહેશભાઇ જોષી (ઉ.વ.૩૩) (મુળ વતન. હુડકો સોસાયટી ખારવા રોડા વઢવાણ સુરેન્દ્રનગર) નાઓ એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે નોકરીના સ્થળે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલાર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

રામોલઃ રામોલ રેવાભાઇ એસ્ટેટ એસ.પી.ટેક એન્જીયરીંગમા નોકરી કરતા અને રામોલ જનતાનગર સામે ફરીદાબાદ સોસાયટી ખાતે સંબંધીના ઘરે રહેતા મહમદસાકિરખાન રહેમતખાન પઠાણ (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–ખલવાડા તા–કપડવંજ જી.ખેડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા નોકરીના સ્થળે કંપનીમાં છતના ભાગે લગાડેલ ફર્નીચરમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ જગતસિંહ ચલાવે છે.

વટવાઃ વિશાલ સ/ઓ ઈશ્વરભાઈ માને (ઉ.વ.૨૨) (રહે. સદભાવનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી